ધાર્મિક કૃતિઓનું શાસ્ત્ર કહેનારું દિવ્ય જ્ઞાન !

# કૌટુંબિક ધાર્મિક કૃતિ અને સામાજિક કૃતિ પાછળનું શાસ્ત્ર

**(Spiritual science underlying familial religious and social acts – Gujarati)**

---

## ગ્રંથનું મનોગત

**'सुखं न विना धर्मात् । तस्मात् धर्मपरो भवेत् ॥'** એટલે કે 'ખરું સુખ (આનંદ) ધર્મપરાયણ થયા વિના મળતું નથી; તેથી હંમેશાં ધર્મપરાયણ થવું જોઈએ', એવું સંસ્કૃત સુવચન છે. જીવનની ઘટમાળ ચલાવતી વખતે જ સતત ધર્મપરાયણ બનવાની, એટલે કે ધર્માચરણ કરવાની સહેલી સંધિ હિંદુ ધર્મએ વિવિધ ધાર્મિક કૃતિઓ, સંસ્કાર, તહેવાર, વ્રતો ઇત્યાદિના માધ્યમ દ્વારા આપી છે. દૈનદિન દેવપૂજા, તેમજ તહેવાર-વ્રતો જેવી ઉપાસના સાથે સંબંધિત કૃતિઓમાંથી જ નહીં, પણ કૌટુંબિક અને સામાજિક સ્તરની ધાર્મિક કૃતિઓમાંથી પણ ધર્માચરણનો સંદેશ હિંદુ ધર્મએ આપ્યો છે.

કોઈ પણ વિધાયક કૃતિ હિંદુ ધર્મ પ્રમાણે વિધિવત, એટલે કે અધ્યાત્મશાસ્ત્રીય આધાર રહેલી વિધિઓનું પાલન કરીને કરીએ, તો જ તે કૃતિઓ દ્વારા દેવતાઓના આશીર્વાદ મળીને તેની કૃપાથી અનિષ્ટ શક્તિઓ સામે રક્ષણ થવામાં મદદ થાય છે. એવી કૃતિ વ્યષ્ટિ સાથે સમષ્ટિને પણ આધ્યાત્મિક લાભ મેળવી આપતી હોવાથી તે એક રીતે સમષ્ટિ સાધના જ પુરવાર છે. આ ગ્રંથમાં જન્મદિવસ, આરતી ઉતારવી, ભેટવસ્તુ આપવી, વય પ્રમાણે શાંતિ કરવી જેવી કૌટુંબિક કૃતિઓ અને ઉદ્‌ઘાટન, દીપપ્રજ્વલન, સત્કાર કરવો અને શોકપ્રદર્શન જેવી સામાજિક કૃતિઓ કરવા પાછળનો ઉદ્દેશ, તેની અધ્યાત્મશાસ્ત્રીય દૃષ્ટિએ યોગ્ય પદ્ધતિ અને તે પાછળનું શાસ્ત્ર સમજાવ્યું છે. શાસ્ત્ર સમજી લઈને તે તે કૃતિ શ્રદ્ધાપૂર્વક કરવાથી તે કૃતિ દ્વારા થનારી ફળપ્રાપ્તિ વધારે હોય છે. સંસ્કૃત શ્લોક બોલવાનું મહત્ત્વ અને અધ્યાત્મ વિશે પ્રવચન, ગ્રંથપ્રદર્શન, તેમજ જનજાગૃતિ મોર્ચો, શોકસભા જેવા પ્રસંગે કયા શ્લોક બોલવા, એ વિશેની જાણકારી પણ આ ગ્રંથમાં આપી છે.

હાલમાં હિંદુઓ પશ્ચિમનું આંધળુ અનુકરણ કરી રહ્યા છે. સ્વધર્મ અને સ્વસંસ્કૃતિની વિસ્મૃતિ અને પાશ્ચાત્ત્ય સંસ્કૃતિનું આકર્ષણ એ બન્નેનું પરિણામ એટલે આપણી ધાર્મિક કૃતિઓ પર પાશ્ચાત્ત્ય સંસ્કૃતિનો મોટો પ્રભાવ પડ્યો છે. જન્મદિવસ આરતી ઉતારીને નહીં પણ કેક કાપીને અને મીણબત્તીઓ ઓલવીને ઊજવવો, ઉદ્‌ઘાટન નાળિયેર વધેરીને નહીં, પણ ફીત (રીબન) કાપીને કરવું; દીપપ્રજ્વલન તેલના દીવાથી નહીં પણ મીણબત્તીથી કરવું એના જેવા કેટલાય ઉદાહરણો પરથી એ બાબત ધ્યાનમાં

આવે છે. એવી કૃતિઓમાંથી ચૈતન્ય તો મળતું જ નથી, પણ તે કૃતિઓ આધ્યાત્મિક દૃષ્ટિએ હાનિકારક કેવી રીતે બને છે, એ પણ આ ગ્રંથમાં સશાસ્ત્ર આપ્યું છે.

ગ્ંથમાં આપેલા શાસ્ત્ર પ્રમાણે કૃતિ કરીને વ્યષ્ટિ અને સમષ્ટિ ઉન્નતિ સાધ્ય થાય, તેમજ હિંદુઓમાં આપણા ધર્મ અને સંસ્કૃતિ વિશે અભિમાન જાગૃત થાય, એવી શ્રીગુરુચરણોમાં પ્રાર્થના. - સંકલક.

---

# અનુક્રમણિકા

(કેટલાક વિશિષ્ટપૂર્ણ સૂત્રો * ચિન્હથી દર્શાવ્યા છે.)


| | | |
|---|---|---|
| ૧. | જન્મદિવસ | ૧૬ |
| | * આધ્યાત્મિક અર્થ, ઇતિહાસ અને મહત્ત્વ | ૧૬ |
| | * જન્મદિવસ તિથિ અનુસાર ઊજવવાનું મહત્ત્વ | ૧૮ |
| | * જન્મદિવસ ઊજવવાની પદ્ધતિ અને તેની પાછળનું શાસ્ત્ર | ૨૦ |
| | * જન્મદિવસ ઊજવતી વેળાએ થયેલી અનુભૂતિ | ૨૪ |
| | * જન્મદિવસના દિવસે ટાળવાની કૃતિઓ અને એની પાછળનું શાસ્ત્ર | ૨૫ |
| | * સંતોનો જન્મદિવસ | ૩૧ |
| | * નાનાં બાળકો, સમોવડિયા, વૃદ્ધ તેમજ સંતોનો જન્મદિવસ ઊજવવો | ૩૨ |
| ૨. | આરતી ઉતારવી (ઔક્ષણ કરવું) | ૩૩ |
| | * 'ઔક્ષણ' શબ્દનો આધ્યાત્મિક અર્થ અને મહત્ત્વ | ૩૩ |
| | * આરતી કોની અને ક્યાં કરવી જોઈએ ? | ૩૩ |
| | * આરતી ઉતારવાની કૃતિ પાછળનું શાસ્ત્ર | ૩૮ |
| | * વિવિધ આરતી કરવા પાછળનો ઉદ્દેશ અને તેનો જીવ પર થનારો પરિણામ | ૪૫ |
| | * પ્રત્યક્ષ પૂજન, આરતી, માનસ પૂજા, યાદ અને સ્મરણ | ૪૭ |
| ૩. | ચાંલ્લો કરવો | ૪૮ |
| | * ‘ચાંલ્લો કરવો’ આ શબ્દનો અર્થ | ૪૮ |
| | * ચાંલ્લો કેવો હોવો જોઈએ ? તે માટે ભાવ કેવો હોવો જોઈએ ? | ૪૮ |
| | * ચાંલ્લો કરતી વેળાએ આપવાની વસ્તુને હળદર-કંકુ કેમ લગાડાય છે ? | ૪૮ |
| ૪. | શાંતિ કરવી | ૪૯ |
| | * ઉદ્દેશ અને શાંતિ કરવાનો દિવસ | ૪૯ |
| ૫. | સત્યનારાયણની પૂજા | ૫૬ |
| | * કાર્યના પ્રારંભમાં સત્યનારાયણની પૂજા કરવાનું મહત્ત્વ | ૫૬ |